ક્રમાંક:રાપબો/ડી.એલ.એડ/દ્વિતીય વર્ષ પરીણામ/૨૦૨૫/552 - 645

રાજ્ય પરીક્ષા બોર્ડ.
સરકારી પુસ્તકાલય સામે
સેકટર-૨૧, ગાંધીનગર
તા:03/0૭/૨૦૨૫

જાહેરનામું:-

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ડી.એલ.એડ. અભ્યાસક્રમની પરીક્ષા અંગેનું જાહેરનામું ક્રમાંક:રાપબો/D.El.Ed./૨૦૨૫/૨-૧૦૧, તારીખ:૦૮/૦૧/૨૦૨૫ થી પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું. જે અનુસાર ડી.એલ.એડ. પરીક્ષા તા:૨૧/૦૪/૨૦૨૫ થી તા:૦૧/૦૫/૨૦૨૫ દરમિયાન યોજવામાં આવેલ હતી.

ડી.એલ.એડ. દ્વિતીય વર્ષ પરીક્ષાનું પરિણામ આજ રોજ તા:03/0૭/૨૦૨૫ એ નીચે મુજબની વિગતે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | નિયમિત | પુનરાવર્તિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | નોંધાયેલ તાલીમાર્થી | ૩૪૦૬ | ૪૩ | ૩૪૪૯ |
| ૨ | ગેરહાજર તાલીમાર્થી | ૦૫ | ૦૭ | ૧૨ |
| ૩ | હાજર તાલીમાર્થી | ૩૪૦૧ | ૩૬ | ૩૪૩૭ |
| ૪ | નાપાસ થયેલ તાલીમાર્થી | ૧૪૨ | ૧૫ | ૧૫૭ |
| ૫ | પાસ થયેલ તાલીમાર્થી | ૩૨૩૪ | ૧૭ | ૩૨૫૧ |
| ૬ | અનામત | ૨૫ | ૦૪ | ૨૯ |
| ૭ | પરિણામની ટકાવારી | ૯૫.૦૮% | ૪૭.૨૨% | ૯૪.૫૮% |

ડી.એલ.એડ. પરીક્ષાના પરીણામ અન્વયે ગુણ ચકાસણી કરાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ નીચેની સુચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

- આ સાથે સામેલ નિયત ફોર્મમાં વિદ્યાર્થીએ ગુણ ચકાસણીનુ ફોર્મ ભરી ગુણ ચકાસણી ફી (વિષય દીઠ રૂ. ૧૦૦/- અંકે રૂપિયા એકસો પુરા) પોતાની સંસ્થામાં આચાર્યશ્રીને જમા કરાવવાની રહેશે.
- તા:૧૦/૦૭/૨૦૨૫ સુધીમાં સંસ્થાના આચાર્યશ્રીએ પોતાની સંસ્થાના વિદ્યાર્થીનાં ગુણ ચકાસણીનુ ફોર્મ અને ફી રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતે રૂબરૂમાં જમા કરાવવાની રહેશે. તા:૧૦/૦૭/૨૦૨૫ બાદ આવેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવી.

(પ્રકાશ કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂં,

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- માન. રાજ્ય કક્ષાનાં શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર

- માન. સચિવશ્રી(પ્રા. અને મા. શિક્ષણ) નાં અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર
- આચાર્યશ્રી, ડી.એલ.એડ. કોલેજ (તમામ)